ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વીર, 'વાળા'ને ભક્તોમાંથી હવે તો બહાર આવો!*
*ગુજ્જુ-અસ્મિતા બિરદાવવા, હવે તો બહાર આવો!*
*બહાર આવો, રાજયની સીમા ઓળંગી રાષ્ટ્રીય સ્તરે*
*પ્રોત્સાહનથી પ્રેરણા લઈ, હવ તો બહાર આવો!*
*(સરકારની ફિલ્મ પ્રોત્સાહન નીતિ)*

### હાઈકુ

*'આરટીઓ' છે*
*માથેથી નીચે સુધી -*
*કમાણી કેન્દ્રો...*
*(લાંચનું લાયસન્સ)*

*મળે પોષણ -*
*કુપોષિત તંત્રને*
*ઠપકા ખાઈ!*
*(કોર્ટની ફટકાર)*

### ચિંતન

**સુપુજિતો અપિ દુર્જનઃ પીડયત્યેવ ॥**

ચાણક્ય નીતિનું આ સૂત્ર છે :

ઉપકારી-સજ્જન-સંત સ્વભાવના લોકોને દુઃખ પહોંચાડ્યા વિના દુર્જન-દુષ્ટ સ્વભાવવાળાને શાંતિ મળતી નથી. અર્થાત્ દુર્જનના લોહીમાં જ સર્જનને પીડા-દુઃખ આપવાનો સ્વભાવ છે.

જેમ સાપ દૂધ પીને પણ ઝેરનું જ વમન કરે છે તેમ, દુર્જન વ્યક્તિ સાથે ગમે તેવા વિવેકથી વર્તન કરવામાં આવે તો પણ, તેના પર અનેક ઉપકાર કર્યા હોય તો પણ - એ સજ્જન કે ઉપકારી તરફ વિના કારણ નફરત કરી તેનો સદા વિરોધ જ કરે છે.

આ વિરોધ - માત્ર વિરોધ ખાતરનો વિરોધ છે એવા લોકો - આવા વર્તનથી મન-હૃદયમાં શાંતિ મળે છે. ટાઢક મળે છે.

સજ્જન લોકો એ આવા દુર્જનોની સંબંધ કાપી તેમનાથી દૂર જ રહેવું જોઈએ.

### સુવિચાર

- યુદ્ધ આપણો ઈતિહાસ છે અને શાંતિ આપણું સ્વપ્ન છે - **દલાઈ લામા**
- જમવાના પાટલે બેસીને કરેલા ગુનાઓની સજા ખાટલામાં પડીને ભોગવવી પડે છે - **ગુણવંત શાહ**
- છીછરાપણું જીવનમાં છવાઈ જાય ત્યારે
  સ્મિત પણ હોઠોનો વ્યાયામ બની જાય છે - **બંગાળી કહેવત**
- ભદ્રતાના નામે આપણે એક એવો સમાજ રચી બેઠા છીએ
  જેમાં કારેલું પણ પોતાનું કડવું સત્ય જાળવી ન શકે - **ઓશો**
- રાષ્ટ્રપ્રેમનો ઊભરો નહીં,
  પણ રાષ્ટ્રપ્રેમની સુવ્યવસ્થિત અભિવ્યક્તિ જ આજનો સાચો નાગરિક ધર્મ છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- કુંડાળું મિટાવીને લીટી કરી છે... સફર અમે સાવ સીધી કરી છે... - **મનોજ જોશી**
- આજનું ઔષધ : કળથીની રાબ ગોળ નાખી પીવાથી શીળસ મટે છે (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

ઈશ્વર રચિત પ્રકૃતિનાં તમામ સર્જન ઉત્તમ-શ્રેષ્ઠ-સુંદર જ છે કારણ કે તે ઈશ્વરીય સર્જન છે પશુ-પંખી બધાં સૌંદર્યથી ભરપૂર છે. કોયલ અને વિરાયકાય ગેંડો-ભૂંડ પણ પોતાના ક્ષેત્રે 'શ્રેષ્ઠ' જ છે. આપણી દૃષ્ટિમાં ભેદભાવનો વિકાર છે તેથી એક જ ફૂટની લારી પર બે ભાવનાં સફરજન મળે છે. આપણે આપણી વિકારી દૃષ્ટિને 'સમ'દૃષ્ટિમાં રૂપાંતરિત કરતાં શીખવું જોઈએ. બધામાં નવી જાતિ-ધર્મો-પોતાની રીતે શ્રેષ્ઠ જ છે.

જાપાનના કોટા શહેરમાં જન્મેલા સાધક-સંત બાન્ઝેન એક દિવસ બજારમાંથી પસાર થતાં હતા. ત્યાં માંસ વેચનારની દુકાન પાસેથી પસાર થતાં એક સંવાદ સાંભળ્યો.

ગ્રાહક - ભાઈ! તારી પાસે જે કંઈ માંસના ટૂકડા છે એમાંથી સૌથી સારાં પશુના અને ખૂબ જ સારો હોય એવો ટૂકડો આપ! ખાટકી કહે - સાહેબ, મારી પાસે બધાં જ સારાં અને શ્રેષ્ઠ પશુના માંસના ટૂકડા છે. ખરાબ - બગડેલો માલ હું વેંચતો જ નથી... સંતને ચાલતાં ચાલતાં જ પશુ-પંખી-પ્રાણીઓમાં 'સમત્વ'નો સિદ્ધાંત મળી ગયો...

## સર્વોચ્ચ અદાલતનો પુણ્યપ્રકોપ

### તંત્રીસ્થાનેથી....

જે કામ વિરોધ પક્ષોએ કરવું જોઈએ તે કયારેક ન્યાયતંત્રને કરવું પડે છે અને એની સરકાર તેમ જ પ્રજા-બેઉ પર અસર પણ થાય છે. મનમોહનસિંહની સરકારે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો ઘડ્યો તે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીનું સ્વપ્ન સાકાર કરવા જેવી ઐતિહાસિક ઘટના હતી. સોનિયા મૂળે રૉમન કૅથોલિક પરિવારમાંથી આવે છે. ખ્રિસ્તી મિશનરીઓના ડ્રીમ પ્રોજેક્ટ જેવો આ સૌને ખાવાનું મળે તે મતલબનો કાયદો પસાર કરાવીને એમણે ભારે પ્રસંસા મેળવી હતી અને પ્રશંસા કરતાં સવિશેષ આત્મતૃપ્તિ અનુભવી હતી. એ જુદી વાત છે કે આવો માનવતાલક્ષી કાયદો પસાર કરાવ્યા પછી પણ કેટલાંક રાજયોએ એનો અમલ નહોતો કર્યો અને એથી કોંગ્રેસને લોકસભામાં મળવાપાત્ર લાભ નહોતો મળી શક્યો. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ કાયદાનો કડક શબ્દમાં વિરોધ કર્યો તે સર્વવિદિત છે. આમ આદમી પાર્ટીમાંથી હકાલપટ્ટી પામેલા વિચક્ષણ સૅફોલોજિસ્ટ યોગેન્દ્ર યાદવે સર્વોચ્ચ અદાલતમાં આ કાયદાનું ગુજરાત સહિત કેટલાંક રાજયોમાં અમલીકરણ નહીં થતું હોવાની ધા નાખી હતી. એના પ્રતિસાદ લેખે જસ્ટિસ મદન બી. લોકુરની આગેવાની વાળી ખંડપીઠે પુણ્યપ્રકોપ ઠાલવતાં પૂછ્યું છે કે સંસદ શું કરી રહી છે? કાયદો સંપૂર્ણ ભારત માટે બન્યો હોય તો ગુજરાત જેવું પ્રગતિશીલ રાજય એનો અમલ કેમ નથી કરતું? શું એ ભારતનો ભાગ નથી?' જસ્ટીસ લોકુરનો આ પુણ્યપ્રકોપ વાજબી છે. એમણે સંસદે પસાર કરેલા કાયદાના અમલમાં ઠાગાઠૈયા કરતાં રાજયોને બરાબરની લપડાક મારી છે, તે સમયસરની છે. વળી, આજે જેઓ વડાપ્રદાનની ખુરશી શોભાવી રહ્યા છે તે નરેન્દ્ર મોદી જ આ કાયદાના કટ્ટર વિરોધી હોવાની વાત જાણીતી છે. એમણે એમના શાસનકાળમાં આ કાયદાનું ગુજરાતમાં અમલીકરણ થવા દીધું નહોતું. વર્તમાન શાસન પણ દિલ્હીના જ ઈશારે ચાલતું હોઈ આવા માનવતાલક્ષી કાયદાના અમલીકરણ પ્રત્યે ઉદાસીન છે. જસ્ટિસ લોકુરે નિરીક્ષણ કર્યું છે તેમ, 'કાલે કોઈ ઈન્ડિયન પીનલ કો, સીઆરપીસી અને એવિડન્સ એક્ટને પણ લાગુ નહીં કરે' તો કેવી અરાજકતા સરજાશે? એમની આગેવાનીવાળી ખંડપીઠે દુકાળગ્રસ્ત રાજયોમાં કેન્દ્રની મનરેગા, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા યોજના અને શાળાનાં બાળકો માટેની મધ્યાહ્ન ભોજન યોજના જેવી કલ્યાણ યોજનાઓની પ્રવર્તમાન સ્થિતિ વિશે કેન્દ્ર પાસેથી ખુલાસો માગ્યો છે અને ૧૦ ફેબ્રુઆરી સુધીમાં કેન્દ્રને સોગંદનામું રજૂ કરવા આદેશ કર્યો છે. રાજયોની જ ચસમપોશીને કારણે રફેદફે થઈ જાય તે ખરેખર ઘણી જ ચિંતાજનક બાબત ગણાવી જોઈએ. ગુજરાત ઉપરાંત ઉત્તરપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ, બિહાર, હરિયાણા અને ચંડીગઢ દુકાળગ્રસ્ત રાજયો હોવા છતાં ત્યાં ફૂડ સિક્યોરીટી બિલ અન્વયે જાહેર કરાયેલ રાહત પહોંચાડાતી નથી એવા મતલબની જાહેર હિતની અરજીના પ્રતિસાદ સ્વરુપે સુપ્રીમ કોર્ટે વ્યક્ત કરેલ ધ્રુજારો આપણા 'લોકપ્રિય' રાજકારણીઓનું અસલી સ્વરુપ છતું કરે છે.

## આત્મીયતા ન હોય ત્યાં અપનાપન ક્યાંથી આવે?



### ગુલમોર

દિનેશ દેસાઈ

મીરાંબાઈએ ગાયું છે કે ''એ રી, મેં તો પ્રેમદીવાની, મેરો દરદ ન જાને કોઈ...'' પ્રેમ દીવાનાપન સિવાય સંભવે નહીં અને પ્રેમનું દર્દ તો પ્રેમ કરનાર સિવાય બીજા કોઈને ક્યાંથી સમજાય. પ્રેમની વાત નિરાળી છે.

''માંહી પડ્યા તે મહાસુખ માણે...'' એમ કહેવાય છે. પરંતુ કવયિત્રી અમૃતા પ્રિતમ તો કહે છે કે ''પ્રેમ તુમ્હેં દર્દ દેગા, ઔર દર્દ કે સિવા કુછ ન દેગા. અગર દર્દ પાના ચાહતે હો તો પ્રેમ કર કે દેખ લો.''

પ્રેમમાં એકમેકનો સ્વીકાર અગત્યનો છે. માત્ર પ્રેમમાં જ નહીં, કોઈ પણ સંબંધમાં એકબીજાનો સ્વીકાર યાને એકમેકના સમગ્ર અસ્તિત્વનો સ્વીકાર જરુરી છે. કોઈ વ્યક્તિનો સમગ્ર સ્વીકાર અથવા અસ્વીકાર હોય. કોઈ વ્યક્તિ થોડી કે અડધી ગમે એવું ન હોય. સ્વીકાર થયા પછી આત્મીયતા પણ જરુરી છે. એકબીજાની ખામી અને ખુબીઓનો સ્વીકાર આત્મીયતા વિના શક્ય નથી. આત્મીયતા ન હોય ત્યાં અપનાપન ક્યાંથી આવે?

તમને તમારી ગમતી વ્યક્તિ માટે લાગણી છે, એવું માત્ર શબ્દોમાં જ નહીં, વ્યવહારમાં પણ એકબીજાને અનુભવાય તો જ એવી લાગણીની સાર્થકતા. ફક્ત શબ્દોના સાથિયા પુરવાથી સંબંધ ક્યારેક કરમાઈ પણ જાય છે. વાણી, વર્તન અને વ્યવહારમાં એકબીજાને એ વાતનો અહેસાસ થવો જ જોઈએ કે તમે એકબીજાની પરસ્પર કેટલી કાળજી લો છો અને દરકાર યા નિસબત રાખો છો.

કાળજી, દરકાર, નિસબત યાને કેર એન્ડ કન્સર્નનું એક ઉદાહરણ ભગવાન શ્રીરામે પુરું પાડ્યું છે. માત્ર કહેવાથી લાગણી અનુભવાય નહીં. વાણી, વર્તન અને વ્યવહારમાં પણ એવી લાગણી ઉપસી આવવી જોઈએ. ભગવાન શ્રીરામ, સીતાજી અને ભ્રાતા લક્ષ્મણ વનવાસ દરમિયાન ચિત્રકૂટ પર્વત તરફ ચાલીને જઈ રહ્યા હતા. જંગલનો માર્ગ તો પથરાળ અને કાંટાળો જ હોય. એવામાં એક કાંટો ભગવાનના પગમાં ખુંપી ગયો. ભગવાનને વેદના પણ ખુબ થઈ.

**કોઈ વ્યક્તિ થોડી કે અડધી ગમે એવું ન હોય, સ્વીકાર થયા પછી આત્મીયતા પણ જરુરી છે, એકબીજાની ખામી અને ખુબીઓનો સ્વીકાર આત્મીયતા વિના શક્ય નથી**

વેદના વિસરીને ભગવાને હાથ જોડીને ધરાને કહ્યું કે ''હે ધરતીમા, મારી એક વિનમ્ર પ્રાર્થના છે, એનો સ્વીકાર કરશો?''

ધરતી માતા બોલી ઊઠ્યાં કે હે રાજન, હે પ્રભુ, આપ પ્રાર્થના નહીં પરંતુ આ દાસીને આજ્ઞા કરો.

શ્રીરામે કહ્યું કે ''મા, મારી બસ એક જ વિનંતી છે કે જ્યારે મારા લઘુબંધુ ભરતજી જ્યારે મને શોધતા શોધતા આ માર્ગ પરથી પસાર થાય ત્યારે તમે નરમ થઈ જજો, આટલા કઠોર ન રહેશો. થોડી ક્ષણો માટે તમે આ પથરા અને કંટકો તમારા ખોળામાં સમાવી લેજો. મને ભલે કાંટા ભોંકાય, પરંતુ મારા ભરતના પગમાં કશું પણ વાગે નહીં, એનું ધ્યાન રાખજો.''

ભગવાનની આ વિનંતી સાંભળીને ધરતી માતાને ભારે આશ્ચર્ય થયું. તેમણે પોતાનું આશ્ચર્ય રોકી રાખવાના બદલે પુછી જ લીધું કે ''હે ભગવન, મને માફ કરજો પણ પુછ્યા વિના હું રહી શકતી નથી કે શું ભરતજી આપના કરતા પણ વધુ કોમળ અને નાજુક છે? કેમ કે આપ જો આવો કઠોર પથ સહજતાથી સહન કરી ગયા તો શું ભરતજી આ પથરાળ અને કાંટાળો પથ પસાર નહીં કરી શકે? એમના માટે આપ આટલા બધા વ્યાકુળ કેમ છો?''

ભગવાન પ્રત્યુત્તર આપતા બોલ્યા કે ''નહીં, નહીં, માતા, આપ મારા કહેવાનું હાર્દ કદાચ બરાબર ગ્રહણ કર્યું નથી. ભરતજીને જો કાંટો ભોંકાશે તો એ કાંટો તેના પગના તળિયાને નહીં, તેના હૃદયને વાઢી નાખશે.''

ધરતી માતાએ જિજ્ઞાસાવશ પુછ્યું કે ''હે પ્રભુ, હૃદય વાઢી નાખશે, એવું કેવી રીતે?''

ભગવાને ધરાની જિજ્ઞાસા સંતોષતા પ્રત્યુત્તર વાળ્યો કે ''ભરતજી પોતાની પીડાથી દુઃખી થઈ જશે, એવું નહીં. તે તો એવા વિચારમાત્રથી જ દુઃખી થઈ જશે કે પોતાના મોટા ભાઈને આવા પથરાળ માર્ગો પરથી પસાર થવાનું આવ્યું અને આ કંટકોની શૂળવેદના પોતાના મોટા ભાઈ રામને પણ અનુભવાઈ હશે. હકીકત તો એ છે કે મારો ભાઈ ભરત કલ્પનામાં પણ મને પીડા થાય તો સહન કરી શકતો નથી. આથી મેં આપને અનુરોધ કર્યો કે જ્યારે મારા ભ્રાતા મારી શોધમાં અહીં-તહીં ફરતા ફરતા અહીં આવી ચઢે ત્યારે તમે કમળની પાંદડીઓ સમાન કોમળ બની જજો અને બધી કઠોરતા એટલા સમય પુરતી પોતાની ભીતર છુપાવી લેજો.''

ભગવાન શ્રીરામનો આ પ્રેરક પ્રસંગ ખરેખર આપણને માનવસંબંધની ઉષ્મા-સુષ્મા અને ગરિમા શીખવી જાય છે. સંબંધ કોઈ પણ હોય, તે ભાઈ-ભાઈ વચ્ચે હોય, ભાઈ-બહેન વચ્ચે હોય કે પતિ-પત્ની યા પ્રિય અને પ્રિયા વચ્ચેનો હોય, એમાં સંબંધની સચોટતા

અનુસંધાન પાના નં. ૭ પર

## રૂપિયા ગણી મકાન માલિક સંતોષપૂર્વક અમારી સામે જૂએ છે, આજે સારાં શુકન થયાં, મારે નવી લીધેલી ગાડીનો હપ્તો બેંકમાં આજે ભરવાનો છેલ્લો દિવસ છે, ચાલો કામ થઈ ગયું...



### નવાં કલેવર

નટવર હેડાઉ

**(ગતાંકથી આગળ...)**

દેસાઈ પોતાની જ સ્ટાઈલમાં સામે બેઠો હસતો રહ્યો. પછી પોતાના એક શબ્દ તોલીનો બોલવા લાગ્યો. 'હું આજે કોઈ ખોટું કામ કરાવવા નથી આવ્યો. બસ એટલું જ કરજો કે મારી ફાઈલ પર કોઈ શેરો કર્યો વગર મંજૂરી અર્થે લખી સાહેબ પાસે મોકલી દેજો. એમાં તો કંઈ ખોટું નથી ને?' એટલું બોલી દેસાઈ મને માપતો હોય એવી નજરે જોવા લાગ્યો. હું અંદરથી કંપી ગયો. 'અરે! આ દેસાઈનો બચ્ચો મારા અધિકારીને મળી આવ્ય લાગે છે. કદાચ સારી એવી દક્ષિણા આપી આવ્યો હશે. તેથી આટલા આત્મવિશ્વાસ સાથે બોલી રહ્યો છે. આમાં હું વિરોધ કરીને પણ શું કરી શકવાનો હતો?'

મને કંઈક અસમંજસમાં જોઈ તારી પત્ની અચાનક વચ્ચે બોલી પડી. 'હાં... હાં... એમાં ખોટું શું છે. જે નિર્ણયો કરવો હશે એ તમારા અધિકારી કરશે. એમાં તમને કયાં પાપ લાગવાનું છે.'

હું કિંકર્તવ્યવિમૂઢતાની સ્થિતિમાં છું. ફક્ત 'મંજુરી અર્થે' લખી સાહેબની સાથે કોઈ કાગળ મોકલવો એનો અર્થ એ થાય કે કેસ ટેકનિકલ રીતે બરાબર છે. પરંતુ હું મારી વાત કહી શકતો નથી. એમ લાગે છે કે મારી પત્ની અને દેસાઈ એ મળી મારી ઘેરાબંધી કરી લીધી છે. મોંમાંથી તૂટક તૂટક અડધું વાક્ય નીકળે છે. 'પણ કોઈ નોંધ વગર...'

દેસાઈ તરત બોલે છે. 'તમે ચિંતા ન કરો. તેનાથી તમારા પર કોઈ આરોપ નહીં આવે. અને હાં લો આ મારા તરફથી નાની ગિફ્ટ રાખી લો.'

એટલું કહી દેસાઈ એક સફેદ કવર મારી સામે પડેલ ટિપોય પર મુકી દે છે. કવરના ખુલ્લા ભાગમાંથી પાંચસો પાંચસોની નોટોની થોકડી દેખાય છે. હું ચોંકી ઉઠું છું. 'આ શું છે? તમે મને રૂશ્વત દઈ ખરીદવા માંગો છો?'

મારી આ વાતે દેસાઈ જરા વધુ કોમળ સ્વરે બોલ્યો. 'ના... ના... સાહેબ એવું કંઈ હોય? આ શું ઔકાત છે કે હું તમને રૂશ્વત આપું અને ખરીદી શકું? આ તો ગીફ્ટ છે. નાની સરખી માંડ દસ હજાર છે. એ તમારા માટે નહીં છોકરાઓને આપું છું. હું દેસાઈની ગિફ્ટનો અર્થ સમજું છું. પણ તેનો અસ્વીકાર કરવાનું સાહસ કરી શકતો નથી. મારી સામે લગ્નમાં જવાની તૈયારી કરતી પત્ની અને બાળકોની ફરમાઈશો તરવા લાગે છે. સામે ઊભેલા પત્ની સામે આંખ મિલાવી શકતો નથી. તો દેસાઈ સામે પણ આંખ મિલાવવાની હિંમત રહી નથી. ગમે તેમ કરી એટલું કહી શકું છું. 'ગિફ્ટ નહીં' અને ફક્ત ઉછીના સમજજો.'

'સારું એમ બસ.' કહી દેસાઈ ઊભો થયો. 'પણ મેં કીધું એનું ધ્યાન રાખજો. સારું હવે રજાઉ લઉં નમસ્તે.' દેસાઈ ઊભા થાય છે અને સીધો બહાર જતો રહે છે. મને લાગે છે કે મારા જીવનભરની કમાણી આજે લૂંટાઈ ગઈ છે. ટીપોય પર પડેલા દશ હજાર રૂપિયાની નોટો જાણે મારા સિદ્ધાંતોની મજાક ઉડાવી રહી છે. 'ઉછીના' વાળી વાતનો વિશ્વાસ તો મને ખુદને પણ પડતો નથી. તો પછી દેસાઈએ એમાં કયાંથી વિશ્વાસ આવવાનો હતો.

અચાનક પત્નીનો અવાજ સંભળાયો. 'હવે વિચાર શું કરો છો? કવર લઈ લો અને બજાર ચાલો. મારે એક સારી સાડી પણ લેવાની છે એ ભૂલતા નહીં.'

હું કંઈક વિચારતો નોટો ભરેલા કવર તરફ જોઈ રહ્યો છું. એટલામાં દરવાજામાં પ્રવેશતાં કોઈના શબ્દો સંભળાય છે.

'શું વાત છે સાહેબ આજે તો તમે ઘેર જ મળી ગયા. મારો તો દિવસ સુધરી ગયો.'

એ મારો મકાન માલિક છે. જયારે આવે ત્યારે આવી જ આત્મીયતા બતાવે છે. પણ જો ભાડુ ન મળે તો રૌદ્ર રૂપ ધારણ કરતાં તેને વાર લાગતી નથી.

મકાન માલિક મને પુછ્યા વગર જ સામે પડેલી ખુરશી પર બેસી જાય છે. નાના માણસ પાસે બેસવાના અનુમતિ લેવાની આવશ્યકતા જણાતી નથી. પછી તે દેસાઈ હોય કે મકાન માલિક. અચાનક હું ચોંકી ઉઠું છું. મકાન માલિકે ટીપોય પર મુકેલ દસ હજાર રૂપિયાનું કવર લઈ લીધું અને નોટો જોવા લાગ્યો. પછી બોલ્યો. 'વાહ... વાહ... ભઈ ભાડુત હોય તો આવા. મારા આવતાં પહેલાં ભાડું તૈયાર. તેથી તો હું બધે તમારાં વખાણ કરું છું.'

વખાણની વાત સાંભળી તેની સાથે ઝઘડો કરવાની ઈચ્છા થઈ આવે છે. મને ખબર છે. બધાંને એ એવું કહેતો ફરે છે કે હું મકાન બરાબર સાફસૂફ રાખતો નથી કે સમયસર ભાડું આપતો નથી. પણ અત્યારે મારું મન દશ હજાર રૂપિયાની નોટોમાં ગુંચવાયેલું છે. જેથી તેને બચાવવાની મંશાથી એક કોશિષ કરું છું. 'શેઠ. આ રૂપિયા તો ઘર ખર્ચ માટે એક માણસ પાસે ઉછીના લીધા હતા.'

મકાન માલિક અત્યારે રૂપિયા ગણવામાં વ્યસ્ત હતો. તે હાં... હું કહી મારી વાત ટાળે છે. પત્ની પણ આ સમયે આશ્ચર્યજનક રીતે ચૂપ છે. મકાન માલિકનું બે મહિનાનું ભાડું બાકી છે. દેવાદારે તો ચૂપ જ રહેવું પડે.

રૂપિયા ગણી મકાન માલિક સંતોષપૂર્વક અમારી સામે જૂએ છે. આજે સારાં શુકન થયાં. મારે નવી લીધેલી ગાડીનો હપ્તો બેંકમાં આજે ભરવાનો છેલ્લો દિવસ છે. ચાલો કામ થઈ ગયું.

મકાન માલિક જતો રહે છે. અચાનક મારા હાથમાં કાગળનો એક ટુકડો આવી ગયો છે. તે શનુએ આપ્યો છે. તે મારી સામે આવી ઊભો રહે છે અને કહી રહ્યો છે. 'પપ્પા... પપ્પા અમારે જે કંઈ લેવાનું છે તેનું લીસ્ટ બનાવ્યું છે. મારું, કૃણાલનું અને ટીકુંનું પણ અને હાં મમ્મીની સાડી પણ લખી દીધી છે. તમે જલ્દી તૈયાર થઈ જાવ. અમે પણ તમારી સાથે આવીશું. મમ્મીને પણ સાથે લઈ લઈએ. કેટલું બધું લાવવાનું છે ખરું ને!'

હું એ લીસ્ટને જોવાની કોશિષ કરું છું. પણ મારી આંખો સામે અંધકાર છે. કંઈ દેખાતું નથી. દૂર રસ્તા પર બેન્ડવાજાનો અવાજ સંભળાય છે. ફટાકડા ફૂટે છે. કંઈક વિચારતો હું દૂર દૂર રસ્તા પર જોઈ રહું છું.

**(સમાપ્ત)**

## ચાલ, તું જીત્યો...!! તું નાનો, હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો...!!



### Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

'અમારે ડિવોર્સ લેવા છે' કેનલે ધડાકો કર્યો... વિશાળ પટેલ તો આ વાત સાંભળીને સમસમી ગયા...

હજી ગયાં વર્ષે મે મહિનામાં તો આ કેનલ અને બીજી ત્રણ બહેનપણી વિશાળ પટેલના ઘરેથી પેઈંગ ગેસ્ટ તરીકે ત્રણ વર્ષનો વસવાટ કરી પોતપોતાના ઘરે, વતનમાં પાછી ફરી હતી...

કેનલ, એટલે એકદમ મસ્ત, અલ્લડ સ્વભાવની સદાય હસ્તી અને ઉછળતાં ઝરણા જેવી છોકરી. મૂળ વતન ઉપલેટા, સૌરાષ્ટ્ર. પણ પિતાની નોકરી પૂનામાં હોવાથી ત્યાં રહેવાનું, બારમા ધોરણમાં ધાર્યું પરિણામ ન આવતાં દસમાના ટકા પર ગાંધીનગરની ગવર્મેન્ટ પોલિટેકનીકમાં કોમ્પ્યુટર એન્જિનિયરીંગમાં એડમીશન લઈ લીધું. નીધી જેવી મળતીયાં સ્વભાવની બહેનપણી મળી અને ભણવાનું જોરમાં ચાલ્યું...

હોસ્ટેલની જિંદગી જીવવાં કરતાં રૂમ ભાડે રાખી રહેવાનું પસંદ કરતાં એમને નસીબથી વિશાલ પટેલ જેવા મકાન માલિક, મિત્ર, સલાહકાર, વડીલ જે ગણો તે બધું મળી ગયું. એમનાં પરિવારમાં આ છોકરીઓ એકદમ હળીમળી ગઈ. કોઈ વાતે તકલીફ હોય, કોઈ પ્રશ્ન મૂંઝવતો હોય તો વિશાલની હેલ્પલાઈન તૈયાર જ હોય. ઘરમાં વિશાલના મમ્મી સુશીલાબેન એટલે દાદીનાં રોલમાં બધી કાળજી લે, છોકરીઓ પર સમજોને આમાન્યા, આદેશ, અનુશાસન બધું જ હકથી નિભાવે, એન એ છોકરીઓને એ ગમેય ખરું...

વિશાલ પટેલને કેનલની બધી વાતો યાદ આવતી હતી. આ કેનલને ખાણી-પીણીનો અત્યંક ક્રેઝ... વૉટ્સએપ પર વાઈરલ થયેલી ગાંધીનગરની ખાણી-પીણીના લિસ્ટનાં લગભગ દરેક સ્થળે આ છોકરી બીલ ચૂકવી આવેલી... એના ફ્રેન્ડ સર્કલમાં કેનલ એટલે 'સ્વાદોં કા રાજા' અને 'ખાઉ ગલ્લીની બિલ્લી' જેવા નામે ઓળખાતી. કોઈને કઈ આઈટમ, કઈ હોટલ કે કયા ધાબા પર કે પછી કઈ લારીએથી ખાવી એનો પુરો બાયોડેટા આ કેનલ પાસે હાજર...

'હજી તો લગ્નને છ મહિનાય નથી થયાં ને ડિવોર્સની વાત' વિશાલે હતાશા ખંખેરી વાત છેડી.

*ચાહત મારી, કેટલી છે એ વાત, પૂછતો નહીં;*
*લાલાશ ભર્યા, તમાચાનું કારણ, પૂછતો નહીં.*
*સઘળાં મારાં, પ્રણયના હિસાબ, કરશો નહીં;*
*વ્હાલ છે તો છે, વ્હાલપના કારણો, પૂછશો નહીં!*
*- 'ચિરાગ' ભટ્ટ*

'વિશાલભાઈ, તમને તો ખબર જ છે, હું કોમ્પ્યુટર એન્જિનિયર છું, કદાચ બી.ઈ. પણ કરવાની ઈચ્છા હતી. ખુબ ભણવું હતું. છેક યુ.એસ. સુધીના સ્વપ્ના ડાઉનલોડ કરેલા. પણ અમારા સમાજના એક મોભીના દીકરા કુણાલ માટે મારું માગું આવ્યું, અને મારાં ઘરનાએ વિવાહ માટે ઉતાવળ કરી. કુણાલ માત્ર ૧૧ ધોરણ પાસ છે, એને શિક્ષકમાં રસ જ નથી. એણે સ્કૂલ છોડીને ધંધામાં રસ લીધો, પોતાની હિંમત અને કાબેલિયત પર એણે ત્રણ જ વર્ષમાં મોબાઈલનો મસ્ત ધંધો સેટ કરી દીધો, એની પાસે પોતાનું ઘર, થોડી ખેતી છે, આર્થિક પરિસ્થિતિ મજબૂત છે. દેખાવમાં એ રણવીરસિંહ જેવો હેન્ડસમ્ છે...

આ બધી બાબતોનો વિચાર કરી મારા પરિવારને લાગ્યું કે આ હીરો મારા માટે બરાબર છે. અને મારું પાક્કું કરી નાખ્યું. પણ સાચ્ચે તો કુણાલ ખૂબ ડોમિનેટીંગ છે. એને કંઈ કહેવા જઈએ એટલે 'એય, તું મને કંઈ શિખવાડીશ નહીં, હું એક સક્સેસફુલ બિઝનેશમેન છું, મારી કોઈ ભૂલ થાય જ નહીં.' વગેરે કહીને મારો કચરો કરી નાંખે છે... અને હાં શિક્ષણ લેવાથી કોઈ જ ફૅર પડતો નથી, જો તું ઘર સાચવે છે અને હું વગર ડિગ્રીએ કેવી નોટો છાપું છું, કહી અપમાનીત કરે છે.'



કેનલની સાથે કુણાલ પર વિશાળ પટેલના ઘરે આવ્યો હતો. હાથમાં રહેલા ચાનો કપ, અને ખાખરાની ડિશને બાજુમાં મુકતાં બોલ્યો, 'જુઓ દાદી અને વિશાલભાઈ, અમે બંને તમને અમારા મા-બાપથી વધુ માનીએ છીએ, એટલે જરા આ કેનલને સમજાવો. એ ભણેલી છે એની ના નહીં, પણ શિક્ષણથી જ વિચાર સુદૃઢ થાય એવું કોણે કહ્યું? એ વધુ ભણીને ય કરવાની તો નોકરી જ ને?' કોઈકની ગુલામી જ ને? મારી જેમ બૉસ થોડી બનશે?

'બસ આ બાબત પર જ અમારો વાદ-વિવાદ થાય છે. શરુઆત જ જો આવી કકળાટની છે, તો આખી જિંદગી કેવી રીતે નીકળશે? એનાં કરતાં પ્રેમથી છુટા પડી જવું સારું.' કેનલે એની માંગણી પાક્કી કરી...

'જો કુણાલ, લગ્ન કરતી વખતે કેનલે એનો ઉચ્ચ શિક્ષણનો મુદ્દો સાઈડ ટ્રેક કરીને તારા સફળ બિઝનેશમેન શીપને સ્વીકારી તારી સાથે મેરેજ કર્યા. એણે તારી સફળતાને સ્વીકારી, શિક્ષણને નગણ્ય કર્યું, તને પુરતો આદર આપ્યો. તો પછી તારે પણ કેનલના શિક્ષણની, આવડતની, ઉત્સાહની કદર કરવી જોઈએ.' દાદી થોડું પાણી પીવા રોકાયા, એટલામાં વિશાલે વાતને આગળ વધારી...

'મારાં મમ્મી લગ્ન સમયે ચોથી ચોપડી પાસ, પપ્પા ટ્રિપલ ગ્રેજ્યુએટ, ગોલ્ડ મેડાલિસ્ટ, પણ મમ્મીએ બાળકોના જન્મ બાદ મેટ્રીકની પરીક્ષા આપી. આર્થિક સંકડામણ અનુભવતા પરિવારને ટેકો કરવા મહેનત કરી રૂપિયા પર રળ્યા. સંસાર બંનેના પ્રયત્નોથી ચાલે છે, અને હાં હું પણ હમણાં એમ.એ. કરું છું.' વિશાલ અટક્યો.

'કુણાલ, તને હજી પણ તક છે, ધંધાની સાથે ભણતર કરી લે, એટલે આ શિક્ષણનું અંતર ઘટી જશે, તને પણ ડિગ્રી હોવાનું ગૌરવ પ્રાપ્ત થશે. આપણા સમાજમાં કેટલીય સ્ત્રી અને પુરુષો લગ્ન બાદ ભણે જ છે. અમારાં અનેક પરિચિતો એવાં છે જેઓ લગ્ન બાદ ઉચ્ચ શિક્ષણને વર્યા છે.' દાદીએ અનુભવનો નિચોડ કહ્યો.

'કેનલ, તારે પણ કુણાલના વ્યવસાયમાં મદદ કરવી જોઈએ. કોઈના ત્યાં નોકરી કરવા કરતાં ધંધાની વૃદ્ધિ માટે, સંસારની સુરક્ષિતતા માટે વધુ આવક કરવાં ધંધામાં જોડાવું ખોટું નથી. તને તારા શિક્ષણના ઉપયોગનો ફાયદો થશે, અને તારો આત્મવિશ્વાસ વધશે.' વિશાલે શ્રદ્ધાભેર બંનેને સમજાવ્યાં...

નવ નંબરનું લકી ટોટલ ધરાવતો ૨૦૧૬નું વર્ષ કેનલ-કુણાલ માટે ખુશીનો સુર્યોદય લઈને ઉગ્યો હતો...

'વિશાલ ભાઈ, અમારી નવી શોપનું ઉદ્ઘાટન વેલેન્ટાઈન ડે ના દિવસે રાખ્યું છે, રાજકોટ આવવું પડશે, તમારા વગર અમારો કાર્યક્રમ અધુરો ગણાશે.' કેનલ ઉત્સાહભેર બોલતી હતી. કુણાલના હાથમાં રાજકોટના પેંડાનું પેકેટ હતું. બંને જણાં હાથમાં હાથ પકડી ખુશ-ખુશાલ નવી દુકાનનાં ઉદ્ઘાટનનું આમંત્રણ આપતાં હતાં...

'કેનલના કોમ્પ્યુટર એન્જિનિયરિંગનો ઉપયોગ થાય એટલે' અમે

અનુસંધાન પાના નં. ૭ પર